dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
December 2010 For private circulation only Vol. 02 - Issue 47

Universities were not meant entirely, or even chiefly, as stepping-stones to an examination, but there is something else which Universities can teach and ought to teach something that may not have a marketable value before a Board of Examiners, but which has a permanent value for the whole of our life, - and that is a real interest in our work, and more that that, a love of our work, and more than that, a true joy and happiness in our work. If a University can teach that, if it can engraft that one small living germ in the minds of young men who come here to study and to prepare themselves for the battle of life.... I feel convinced a University has done more, and conferred a more lasting benefits on its pupils...

Max Muller (India : What can it teach us ?)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

એકવીસમી સદીમાં ભારતને વિજ્ઞાન અને ટેકનોલોજિના ક્ષેત્રે આધુનિક બનાવી, વિશાળ આર્થિક વિકાસના લાભો નિમ્ન સ્તરના માણસ સુધી પહોંચે તેવી નીતિઓ ઘડાય છે. તત્વજ્ઞાનથી લઈ રાજકારણ, ઈતિહાસ, ધર્મ તથા સાહિત્ય જેવા તમામ ક્ષેત્રોમાં ક્રમિક બદલાવને બદલે પેરડિમ શિફ્ટ જોવા મળે છે. ઔદ્યોગિક યુગ, માહિતી યુગ અને જ્ઞાન યુગના સંક્રાતિકાળમાં સર્વાંગીણ માનવ વિકાસના - આયામો બદલાયા છે. આ શકય બન્યું છે - માનવ ઉન્નતિના મૂળભૂત આયામો પર કાર્ય કરનારા, તેના પર ભાવિ વિકાસની ઈમારત રચવાની મથામણ કરનારા અને નવી ક્ષિતિજોનું દર્શન કરાવનારા મહાન વ્યકિત વિશેષોથી. ભારત વિશે અંગ્રેજોએ પોતાની સર્વોપરિતા સાબિત કરવા માટે સુવ્યવસ્થિત એવો કુપ્રચાર ચલાવ્યો હતો કે ભારત દેશ એટલે મદારીઓ તથા ગારૂડીઓનો દેશ. (India is a country of magicians and snake charmers.) આ દેશની પ્રજા પાસે સાહિત્ય, કલા કે જીવન પધ્ધતિ વિશે કોઈ વારસો નથી. તેમની પાસે જીવન વ્યવહારની રીત કે સંસ્કૃતિ જેવું કંઈ જ નથી. અંગ્રેજોએ આ દેશના લોકોને (natives) જીવન વ્યવહારની તાલીમ આપી. ગુલામીના આ કાળ દરમ્યાન, સમગ્ર વિશ્વને, પોતાના આજીવન અભ્યાસ અને લેખન દ્વારા ભારતની મહાનતાની, જ્ઞાન તથા સંસ્કૃતિની ઓળખ સુપ્રસિધ્ધ પ્રાચ્યવિદ્યાવિદ્, તત્વચિંતક, ભારોપીય (Indo-European) ભાષાશાસ્ત્રી મેકસ મુલરે કરાવી. ૬ ડિસેમ્બર, ૧૮૨૩ના રોજ જર્મનીના ડીસાઉ નગરમાં જન્મેલ ભારત અને સંસ્કૃત પ્રેમી તુલનાત્મક સાહિત્યના દિગ્ગજના જીવન-કવનનો પરિચય મેળવીએ.

પૂરું નામ મેકસ મુલર ફેડરિક. પિતા વિલ્હેમ મૂલર કવિ. માતામહ એક નાનકડા રજવાડાના દિવાન. જર્મનીની સુપ્રસિધ્ધ લિયઝિંગ યુનિવર્સિટીમાં ગ્રીક અને લેટિન ભાષા-સાહિત્યના અભ્યાસમાં જોડાયા. તેમાં રસ ન પડતાં, સંસ્કૃત વિષયમાં પ્રવેશ લીધો. વીસ વર્ષની નાની વયે 'હિતોપદેશ'નો અંગ્રેજીમાં અનુવાદ કરવાના કાર્યમાં પીએચ.ડી.ની પદવી મેળવી. ૧૮૪૪માં તુલનાત્મક ભાષાવિજ્ઞાન અને તત્ત્વચિંતનના વધુ અભ્યાસ અર્થે બર્લિન યુનિવર્સિટી, પેરીસમાં જોડાયા. ૧૮૪૫માં જૂની ઈરાની ભાષામાં લખાયેલ 'ઝંદ અવસ્તા'નો અભ્યાસ શરૂ કર્યો. 'ઝંદ અવસ્તા'ના પ્રકાંડ પંડિત પ્રોફે. યુજિન બર્નોફની પ્રેરણાથી 'ઋગ્વેદ'નો અભ્યાસ શરૂ કર્યો. 'ઋગ્વેદ'ની પ્રમાણિત હસ્તપત્રો મેળવવા તેઓ ઑકસફર્ડ યુનિવર્સિટીમાં ગયા અને ત્યારબાદ સમગ્ર જીવન ઑકસફર્ડ યુનિવર્સિટીમાં વિતાવ્યું. કારકિર્દીની શરૂઆતમાં અર્વાચીન ભાષાઓના મદદનીશ પ્રાધ્યાપક તરીકે અને ત્યારબાદ તુલનાત્મક ભાષા-વિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે ભારોપીય ભાષાઓના અભ્યાસને લોકપ્રિય બનાવ્યો. તેમણે સાયણાચાર્યના 'ભાષ્ય' સહિત 'ઋગ્વેદ'ની સમીક્ષિત આવૃત્તિ છ ખંડમાં અંગ્રેજીમાં ભાષાંતર કરી સંપાદિત કરી.

સંસ્કૃત ભાષા તથા ભારતીય સમાજના ઝીણવટપૂર્વકના અભ્યાસના આધારે મેકસ મુલરે અનેક ગ્રંથોની યુરોપીય સમાજને ભેટ આપી. સમગ્ર પશ્ચિમના દેશોને ભારતીય તત્વચિંતનની જાણ મેકસ મુલરના કાર્યથી થઈ. 'ઋગ્વેદ'ના સમીક્ષિત છ ખંડના ગ્રંથ નિર્માણ જેવુ બીજું અજોડ કાર્ય મેકસ મુલરે કર્યું. પચાસ ગ્રંથોનું દળદાર કાર્ય તે - 'The Sacred Books of the East' ગ્રંથ શ્રેણીનું સંપાદન. પચાસ ગ્રંથોની આ શ્રેણીમાં પૂર્વના દેશોના વિવિધ ધર્મગ્રંથોનો અનુવાદ અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવ્યો. આ ગ્રંથ શ્રેણીના અનુવાદ તથા સંપાદનના કાર્યમાં મેકસ મુલરે પોતાના જીવનનાં છેલ્લાં પચીસ વર્ષ ઉજાળ્યા. આ શ્રેણીના અનુવાદના ભગીરથ કાર્યમાં મેકસ મુલરે ૨૦ જેટલા ઓરિએન્ટલ તજજ્ઞોનો સહયોગ મેળવ્યો. ૧૮૭૬થી પ્રકાશિત થયેલ શ્રેણીના આ ગ્રંથો ઑકસફર્ડ યુનિવર્સિટીમાં અપ્રાપ્ય બનતાં, ઈન્ડિયન નેશનલ કમિશન ફોર યુનેસ્કો તથા નેશનલ એકેડેમી ઓફ લેટર્સ (હાલની સાહિત્ય અકાદમી) એ આ શ્રેણીના તમામ ગ્રંથો પુનઃ મુદ્રિત થાય તે માટે પ્રયત્નો કર્યા. પરિણામે પ્રકાશન સંસ્થા મોતીલાલ બનારસીદાસની પેઢી, જેનું સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રે આજે પણ આગવું સ્થાન છે તેવા પ્રકાશક દ્વારા મેકસ મુલરના પ્રાચ્ય વિદ્યાના ઊંડા

સંશોધનને પ્રાપ્ય બનાવ્યું. ભારતના રાષ્ટ્રપ્રમુખ સર્વપલ્લી રાધાકૃષ્ણના સંદેશ સાથે આ ગ્રંથો પુનઃમુદ્રિત થયા જેની અનેક આવૃત્તિઓ પ્રગટ થઈ.

'The Sacred Books of the East' (પૂર્વના પુનિત ગ્રંથો) નામક આ ગ્રંથશ્રેણીમાં મેકસ મુલરે બિન-ખ્રિસ્તી ધર્મ સિવાયના સાત ધર્મોના પવિત્ર ગ્રંથોને અંગ્રેજી ભાષામાં ટીકા સહિતના અનુવાદોને સંપાદિત કર્યા છે. વૈદિક પરંપરાના એકવીસ ગ્રંથો છે. બૌધ્ધ ધર્મના પવિત્ર ગ્રંથોના દસ વોલ્યુમ છે. જૈન ધર્મના 'આંકારાંગ સૂત્ર', 'દશવૈકાલિક સૂત્ર', 'સૂત્રકૃતિન્ગ', તથા 'ઉત્તરાધ્યાયન સૂત્ર'ને બે વોલ્યુમમાં સમાવ્યા છે. પારસી ધર્મના દસ વોલ્યુમ છે જેમાં; 'વેન્ડદિદાદ', 'બુન્દાહિશ', 'બેહમાન યસ્ત', 'દાદિસ્તાનિ દિનિ' જેવા 'ઝેન્ડ' તથા 'પહેલવી' ધર્મ ગ્રંથોનો અનુવાદ કરવામાં આવ્યો છે. ઈસ્લામ ધર્મના 'કુરાન શરીફ' તથા અન્ય ગ્રંથોના બે વોલ્યુમ છે. ચીનની સ્વતંત્ર ધાર્મિક પરંપરાના છ ગ્રંથોનો સંપુટ છે. બૌધ્ધ ધર્મના પાલી ભાષાના દસ વોલ્યુમમાં 'મહાપ્રણિબાણ સંહિતા', 'મહાસૂદાસણ સૂત્ર', 'ધમ્મકાપ્પ સૂત્ર', 'સૂત્તનિપપ્ટ', 'મહાવગ્ગ' જેવા ધર્મગ્રંથોનો પણ સમાવેશ થાય છે.

સૌથી ભગીરથ ભાષાંતરનું કાર્ય સંસ્કૃતિ સાહિત્યના ક્ષેત્રનું છે. જેમાં 'વિષ્ણુ સૂત્ર', 'સતપથ બ્રાહ્મણ', 'આર્યોના ધર્મશાસ્ત્રો', 'સાત ઉપનિષદો', 'મનુસ્મૃતિ', 'વેદની ઋચાઓ', 'નારદ સૂત્ર', 'બૃહસ્પતિ સૂત્ર', શંકરાચાર્યના 'ભાષ્ય' સાથે 'વેદાન્ત સૂત્રો', 'અર્થવવેદની ઋચાઓ' વિગેરેનો સમાવેશ થાય છે.

આ ગ્રંથ શ્રેણીમાં સંસ્કૃત, પાલી, પ્રાકૃત, ચાઈનીઝ જેવી ભાષાઓના પવિત્ર ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ તત્કાલીન સમયની માહિતીના આપ-લેની મર્યાદાઓ વચ્ચે થયેલું કાર્ય અદ્ભૂત છે. આ શ્રેણી ઉપરાંત મેકસ મુલરે સંસ્કૃત ભાષા અને ભારતીય સમાજનું ઝીણવટપૂર્વક અવલોકન કરી અનેક ગ્રંથોની રચના કરી. તેમના 'ચિપ્સ ફ્રોમ જર્મન વર્કશોપ' ગ્રંથમાં ઋગ્વેદ, બૌધ્ધ ધર્મ, બ્રાહ્મણ ધર્મ, એકેશ્વરી પંથ, દૈવત શાસ્ત્ર, ચરિત્રો તેમજ પ્રાચીન વસ્તુઓ અંગેના વિવેચનો કર્યા છે. 'ઓલ્ડ લંગ સાઈન' ગ્રંથમાં હિન્દી, યુરોપિયન પંડિતોની મુલાકાતની માહિતી તેમણે આપી હોવાથી તેમાં દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસની ઓળખ પશ્ચિમના દેશોને આપી. પ્રાચીન 'સંસ્કૃત વાડ્મયનો ઈતિહાસ', 'ષડ દર્શન', 'ફિઝીકલ રિલીજિયન', 'ઈન્ટ્રોડકશન ટૂ ધી સાયન્સ ઑફ રિલીજિયન', 'થ્રી લેકચર્સ ઓન ધી વેદાન્ત ફિલોસોફી', 'ધી સાયન્સ ઑફ થોટ' જેવાં અનેક ગ્રંથો થકી ભારતની સાચી ઓળખ વિશ્વને કરાવવામાં તેમણે અહમ્ ભૂમિકા ભજવી.

અત્રે, એક ખાસ પુસ્તક અંગે વિશેષ નોંધ લેવાની કે, મેકસ મુલરને કેમ્બ્રીજ યુનિવર્સિટીના બોર્ડ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝ દ્વારા ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પ્રવચનમાળા ગોઠવવામાં આવેલી. આ સાત વ્યાખ્યાનોની શ્રેણીનું પુસ્તક છે - India - What can it teach us ? ડિસેમ્બર - ૧૮૮૨માં પ્રકાશિત થયેલ આ પુસ્તકમાં સાત વિષયો છે : 'ભારત આપણને શું શીખવી શકે?' 'હિન્દુના લક્ષણો', 'સંસ્કૃત સાહિત્યમાં માનવીય અભિગમ', 'શું વૈદિક સંસ્કૃતિ વિરલ હતી ?', 'વેદનો ધર્મ', 'વૈદિક ઋષિઓ' અને છેલ્લે 'વેદ અને વેદાન્ત'.

પોતાના પ્રથમ પ્રવચન 'ભારત આપણને શું શીખવી શકે?' માં તેમણે દર્શાવ્યું છે કે. " If I were to look over the whole world to find out the country most richly endowed with all the wealth, power and beauty that nature can bestow-in some parts of a very paradise on earth - I should point to India."

"If I were asked under what sky the human mind has most fully developed some of its choicest gifts, has most deeply pondered on the greatest problems of life, and has found solutions of some of them which well deserve the attention even of those who have studied Plato and Kant - I should point to India."

"And if I were to ask myself from what literature we, here in Europe, we who have been nurtured almost exclusively on the thoughts of Greeks and Romans, and of one Semintic race, the Jewish, may draw that correctives which is most wanted in order to make our inner life more perfect, more comprehensive, more universal, in fact more truly human, a life, not for this life only, but a transfigured and eternal life - again I should point to India."

"Take any of the burning questions of the day - popular education, higher education, parliamentary representation, codification of laws, finance, emigration, poor-law, and whether you have anything to teach and to try, or anything to observe and to learn, India will supply you with a laboratory such as exists nowhere else."

ભારત વિશેની ખોટી ધારણાઓ તથા માન્યતાઓ દૂર કરી સાચી સમજણ આપ્યા બાદ તેમના બીજા પ્રવચન 'Characters of the Hindus'માં ભારતીયોમાં નૈતિકતા મરી પરવારેલી છે તથા તેઓ દગાબાજ છે; મૈત્રી માટે લાયક નથી જેવી ભ્રાંતિઓ દૂર કરે છે. આ માટે વૈદિક કાળથી સત્યને અનુસરવાની પ્રણાલિકા અનેક ઐતિહાસિક તથ્યો સાથે રજૂ કરી હિન્દુ પ્રજાના અનેક સદ્ગુણોને બિરદાવે છે. તેમના ત્રીજા વ્યાખ્યાનમાં ભારત પાસે સાહિત્યનો ખાસ કોઈ વારસો નથીનું ખંડન 'Human Interest of Sanskrit Literature'માં દર્શાવે છે. છેલ્લાં ત્રણ વ્યાખ્યાનો વેદ ધર્મ, વેદના દેવો તથા વેદ અને વેદાન્ત વિષયોને લગતા છે.

છેલ્લા વ્યાખ્યાનના અંતિમ પેરેગ્રાફમાં મેકસ મુલર દર્શાવે છે, "... everybody who wishes to know how the human race came to be what it is, how language came to be what it is, how religion came to be what it is, how manners, customs, laws and forms of government came to be what they are, how we ourselves came to be what we are, must learn Sanskrit, and must study Vedit Sanskrit.

અંતે, ઋગ્વેદની ઋચા, आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः Let noble thoughts come to us from all directions of the world. અત્રે ઉલ્લેખનીય છે કે મેકસ મુલરે કયારેય ભારતની પ્રત્યક્ષ મુલાકાત લીધી નથી.

૧૫ ડિસેમ્બર, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Ph. D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat. during Oct.-Nav., 2010.

**Chemistry**

1. Patel, Ghanshyam Ashokbhai. **A new Approach to Synthesise Some novel Heterocyclic Compounds and their Bio efficacy Evaluation.** (Dr. Anjani N. Solankee), B.K.M.Science College, Valsad.
2. Trivedi, Nilesh Babulal. **Synthesis and Biological Stuedies of Some Novel Heterocyclic Entities.** (Dr. K.R.Desai), Department of Chemistry, VNSGU, Surat.

**Economics**

1. Desai, Jayesh Nareshbhai. **A Study of Competitiveness of Indian Outsourcing of Services Industry.** (Dr. Kiran Pandya), Professor and Head, DRMISSS, VNSGU, Surat.

**Education**

1. Patel, Rohitkumar Chandubhai. **માધ્યમિક શાળાઓમાં નોકરી કરતી શિક્ષિકાઓના માનસિક તણાવ, મૂલ્યો અને વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ.** (Dr. Nanubhai D. Patel), Shri Rang Shikshan Mahavidyalaya, Bilimora.
2. Rathod Jaydeepsinh Chandrasinh. **શારીરિક શિક્ષણના વિદ્યાર્થીઓ માટે પંચકાર્ય એકમમાં કમ્પ્યૂટર સહાય શિક્ષણની અસરકારકતા** (Dr. Ummed Singh) Associate Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

## સ્પર્ધા

● યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ અંતર્ગત ચાલતા હિન્દી અનુસ્નાતક કેન્દ્રની પાર્ટ-૨ની વિદ્યાર્થિની કુ. રાઠોડ કલ્પના સુમનભાઈએ ખેલ મહાકુંભ-૨૦૧૦માં ઝંખવાવ મુકામે યોજાયેલ જિલ્લા કક્ષાની ઊંચી કૂદની સ્પર્ધામાં બીજો ક્રમ પ્રાપ્ત કરી રૂા. ૩૦૦૦/-નો પુરસ્કાર મેળવેલ છે. અભિનંદન.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

શ્રી એસ. આર. પટેલ, બી. એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૮-૦૯-૧૦ના રોજ જે. કૃષ્ણામૂર્તિ જીવન-કાર્ય તેમજ શ્રી ગુરુચરણે પુસ્તકનું વિમોચન અને સ્પર્ધાનું આયોજન થયું હતું. તા. ૧૨-૧૦-૧૦ના રોજ બેસ્ટ આર્ટ કોમ્પીટીશન સ્પર્ધા, તા. ૧૩-૧૦-૧૦ના રોજ આરતી, શણગાર, માટલી શણગાર અને રંગોળી સ્પર્ધા, તા. ૨૯-૧૦-૧૦ના રોજ ગ્રીટીંગ્સ કાર્ડ, રંગોળી અને કોડિયા સ્પર્ધા અને તા. ૩૦-૧૦-૧૦ના રોજ વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા યોજાઈ હતી.

ઈન્ટર કોલેજીએટ હોકી ટૂર્નામેન્ટ વાપી કોલેજ દ્વારા નારગોલ મુકામે રાખવામાં આવી હતી. જેમાં વી. એસ. પટેલ કોલેજનાં આહિર દક્ષા ઝેડ., હળપતિ હેમલતા એમ. એન. પટેલ અભીષાની પસંદગી થઈ છે. અભિનંદન

## વ્યાખ્યાન

શ્રી એસ. આર. પટેલ બી. એડ. કોલેજ, સુરતમાં પ્રિ. ડૉ. વિનોદભાઈ પટેલનું 'વ્યવહારવાદ' વિષય પર તા. ૨૩-૧૦-૧૦ના રોજ વ્યાખ્યાન યોજાઈ ગયું.

## એવોર્ડ

તા. ૨૨મી નવેમ્બરના રોજ દિલ્હી ખાતે 'ઈન્ડિયન એચીવર્સ ફોરમ' દ્વારા "એજયુકેશન એકસીલન્સી" માટે બુટ્ટા સિંહના વરદ હસ્તે નવયુગ આર્ટસ કોલેજ, સુરતના આચાર્યા ડૉ.જયોતિબેન એમ. નાયકને એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત 'બેસ્ટ સીટીઝન પબ્લીશીંગ હાઉસ' દ્વારા પણ 'બેસ્ટ સીટીઝન ઓફ ઈન્ડિયાનો' એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. ૨૦૧૦ના વર્ષમાં ગુજરાત સાહિત્ય અકાદમી સહિત કુલ ચાર એવોર્ડ પ્રાપ્ત કરી નવયુગ આર્ટસ કોલેજનું ગૌરવ વધાર્યું છે.



## એન. એસ. એસ.

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની રાષ્ટ્રીય સેવા યોજના શિબિર તા. ૧૬ થી ૨૨-૧૧-૧૦ સુધી ચિકટિયા ગામે યોજાયો હતો. આ શિબિરમાં ૫૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં આશરે ૧. કિ.મી. જેટલા લાંબા અને આશરે ૧૦ ફૂટ જેટલા પહોળા કાચા રસ્તાનું માટીકામ મરામત કાર્ય, ઝાડી ઝાંખરાનું સફાઈકાર્ય, ચશ્મા શિબિર (૮૪ લાભાર્થીઓ), સર્વેક્ષણ કાર્ય, આંબાબારી હાઈસ્કુલના આચાર્યશ્રી ડૉ. કમલેશભાઈ ઠાકોરનું 'પોઝીટીવ થિન્કીંગ' વિષય પર વ્યાખ્યાન, એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ તેમજ અન્ય આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ, મહર્ષિ પતંજલિ યોગપીઠ સંચાલિત યોગ-પ્રાણાયામ તાલીમ શિબિર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

તા. ૨૫-૧૦-૧૦ થી ૦૩-૧૧-૧૦ દરમ્યાન એન.એસ.એસ.પ્રી.આર.ડી. પરેડ કેમ્પ ૨૦૧૦ મોદી ઈન્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ અને ટેકનોલોજી, કોટા-રાજસ્થાનમાં યોજાયો હતો. જેમાં જે.પી.પારડીવાલા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજમાંથી એન.એસ.એસ. પ્રો. ઓ. એમ.ડી. મિયાણા સિલેકટ થયેલ જે ૬૨ વિદ્યાર્થીઓ સાથે હાજર રહેલ. તા.૧૯ થી ૨૫-૧૧-૧૦ દરમ્યાન સિણધઈ ગામે "વાર્ષિક ખાસ શિબિર" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્દ્ઘાટક શ્રી ભગવાનદાસ પટેલ, અધ્યક્ષ શ્રી મહેરવાનભાઈ પટેલ, મહેમાન શ્રી અમરભાઈ પટેલ, અતિથિ વિશેષ શ્રી. કે. આર. રાઠવા, શ્રી પ્રકાશભાઈ અને આચાર્યશ્રી ડો. હર્ષાબેન તથા ઉપાચાર્યશ્રીએ વકતવ્ય આપ્યા હતાં. સંચાલન શ્રી જીતુભાઈ ટંડેલે કર્યું હતું. અને પ્રા. મણિબેને આભાર વિધિ કરી હતી. તા. ૨૫-૧૧-૧૦ના રોજ પૂર્ણાહૂતિ સમારોહ યોજાયો હતો.જેમાં પ્રમુખ સ્થાને શ્રી પુરુષોત્તમભાઈ ભગત, મુખ્ય મહેમાન શ્રી ડો.એ.એન. માલવિયા, અતિથિ વિશેષ શ્રી સુરેશભાઈ ભગત અને પ્રા. ભીખુભાઈ પટેલ હાજર રહયા હતા. પુર્ણાહૂર્તિ સમારોહનું સંચાલન પ્રા. એમ.ડી.મિયાણા એ કર્યું હતું અને શ્રી એસ.ડી. ભાવસારે અહેવાલ આપ્યો હતો.

# NAAC - Visit (8 to 11 December, 2010)






























MSc
Family



















NAAC




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
सत्यम् ज्ञानम् अनन्तम्
Welcomes
NAAC PEER TEAM































તમે પવિત્ર થાઓ, એબ કાઢી નાખો, તો તમારે કોઈથી ડરવાનું નથી. જે વખતે તમે નીડર થયા, તે જ વખતે તમે સ્વતંત્ર છો.
તમે તમારું કામ દ્રઢતાથી કરતા રહેજો. બધું ઠીક થશે.
જશ ખાટવાનો નહીં, જશ આપવાનો જુસ્સો દાખવો. તો સાચી કીર્તિ મળે, તો લોકોના હૃદયમાં કાયમી સ્થાન મળે.

સરદાર પટેલ

**VNSGU**
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**
**Published by : Shri J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com